RNI No. GUJGUJ/2011/44815

વર્ષ : 8

જુલાઈ - 2019

કિંમત - રૂ.10/-



શ્રી લોહાણા મહાપરિષદનું મુખપત્ર

# શ્રી રઘુકુળ વિશ્વ

## મળે વૈશ્વિક મંચ ઉપર લોહાણાઓ
## થાય શક્તિ અને સંબંધનાં સરવાળાઓ

## Global Lohana Convention 2019
### 21 June, Dubai, UAE





# ૯ મી કારોબારી - ગ્લોબલ લોહાણા કન્વેન્શન, દુબઈ : એક કદમ નયી સોચ કી ઓર

**વ્હાલા સૌ જ્ઞાતિજનો, વડીલો અને યુવા ભાઈ-બહેનો,**

**સૌને જય જલારામ... જય રઘુવંશ... જય મહાપરિષદ**

ભારતીય શાસ્ત્રો અને સંસ્કૃતિમાં કહેવાયું છે કે, સદ્‌વિચારની, સદાચારની, સદ્‌વાણીની પોતાની સુવાસ હોય છે, જે આપણા પ્રાણને પ્રસન્ન કરે છે અને આપણા જીવનને સુવાસિત કરે છે. ગુલાબોની છાબ હોય તો તેમાંથી ખુશબૂ જ મળે, પરંતુ ઉકરડાની ગંદકી હોય તો બદબૂ મળે. ખુશબૂ મળે તો આપણે હોંશે હોંશે ઊંડા શ્વાસ લઈએ, બદબૂ આવે તો નાક દબાવીને ઘડીભર શ્વાસ લેવાનું પણ ટાળીએ ! એ જ રીતે આપણે કશુંયે ખરાબ વિચારીએ, બોલીએ કે આચરીએ ત્યારે મજા આવતી નથી, પરંતુ આપણા થકી કશુંક સારું કે શુભ વિચારાય કે થાય ત્યારે મજા આવે છે. આવી તકો જીવનમાં સાંપડે એ આપણા માટે તો શુભ ઘડી. પ્રભુને સતત એવી પ્રાર્થના કરીએ કે આપણા સમાજમાંથી સારપનો વધુ ને વધુ ફાલ ઉતરે એવી કૃપા વર્ષા કરે. આપણને કશુંક સારું ને શુભ કરવાનું સુઝાડે.

પ્યારા દોસ્તો, પૂ. જલારામ બાપાને કરેલી આ પ્રાર્થના ફળવા જઈ રહી હોય એવો એક સદ્‌વિચાર યુ.એ.ઈ. લોહાણા મહાજનના યજમાનપદે દુબઈ ખાતે ભવ્યતાપૂર્વક યોજાયેલી નવમી કારોબારી સભા અને ગ્લોબલ લોહાણા કન્વેન્શન દરમિયાન રજુ થયો અને તેની સુવાસથી ઉપસ્થિત સૌમાં પ્રસન્નતાની લહેર ફેલાઈ હતી. દુબઈની કારોબારી અને ગ્લોબલ કન્વેન્શનની સાંગોપાંગ સફળતા માટે યજમાનશ્રીઓ સર્વ શ્રી હરીશભાઈ પવાણી, શ્રી મુકુંદભાઈ ઠક્કર, શ્રી ભરતભાઈ રૂપારેલ અને સમગ્ર ટીમને હૃદયપૂર્વકના અભિનંદન પાઠવી આભારની લાગણી વ્યક્ત કરું છું. સમગ્ર વિશ્વમાંથી પધારેલા લગભગ ૩૦૦ જેટલા જ્ઞાતિરત્નોએ પોતાનો કિંમતી સમય આપી આ સમારોહને ચાર ચાંદ લગાડ્યા જેમાં સર્વશ્રી લોર્ડ ડોલર પોપટ (લંડન), માન.શ્રી સુધીરભાઈ રૂપારેલીયા (યુગાન્ડા), આફ્રિકા વિભાગના વિભાગીય પ્રમુખ શ્રી નવીનભાઈ કાનાબાર, તેમજ ભારતના દરેક વિભાગના વિભાગીય પ્રમુખશ્રીઓ, સ્નેહી શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણી, શ્રી સતીષભાઈ વિઠલાણી સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રીઓ સૌએ પોતપોતાના વિચારો અને પ્રવૃત્તિઓ રજૂ કરી સમારોહની સફળતામાં યોગદાન આપ્યું તે સૌ પરત્વે પણ આભારની લાગણી વ્યક્ત કરું છું.

મુળ વાત જે એક નવા સદ્‌વિચારની મારે કરવાની છે તે એ કે આવતા વર્ષ૨૦૨૦માં પૂ.જલારામ મંદિર, વિરપુરમાં પૂ. જલારામબાપાની ૨૦૦ વર્ષની ઉજવણી અને મંદિરમાં દાન-ભેટનો અસ્વીકાર કરવાના નિર્ણયને ૨૦ વર્ષ પૂર્ણ થાય છે, જેના ઉપલક્ષમાં વિરપુર જલારામ ધામ ખાતે જાન્યુઆરી ૨૦૨૦માં પૂ. મોરારિબાપુની કથાનું આયોજન હાથ ધરાયું છે. આ આઠ દિવસની કથા દરમિયાન પૂ.મોરારિબાપુ અને જલારામ ધામના ગાદીપતિ પૂ. રઘુરામબાપાની સંમતિ અને આશીર્વાદથી માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા "જલારામ યુનિવર્સિટી"ની જાહેરાત અને દાન એકઠુ કરવાનો સદ્‌વિચાર આવ્યો છે. પૂ.રઘુરામબાપા અને પૂ. મોરારિબાપુ આ આઠ દિવસ દરમિયાન દાનનો સ્વીકાર કરવા સંમતિ અને મંજૂરી આપશે તેવી શ્રધ્ધા છે. આપ સૌ રઘુવંશી ભાઈ-બહેનોનો પણ અમોને સંપૂર્ણ સાથ-સહકાર મળશે જ એવી મને અતૂટ શ્રધ્ધા છે. પૂજ્ય રઘુરામબાપા સાથેની મારી વાતચીત વખતે મેં કહ્યું કે ભજન અને ભોજનની સાથે હવે ભણતરને પણ ભેળવીયે તો સમાજનું વધુ કલ્યાણ થશે.

આપણા આ નવોદિત સદ્‌વિચાર અને સ્વપ્ન સાકાર થાય તો શિક્ષણ અને આરોગ્યના મુખ્ય બે પ્રકલ્પોને લઈને મહાપરિષદની આપણી કારોબારી જે કાર્યો કરી રહી છે તે પૈકી શિક્ષણના ક્ષેત્રમાં આપણી જ્ઞાતિ અને સમાજ માટે ઉચ્ચ શિક્ષણ માટે અનેક નવી તકો અને કારકિર્દી ઘડતર માટે અનેક નવા આયામો અસ્તિત્વમાં આવશે અને ઘણા વખતનું આપણું સ્વપ્ન સાકાર બની જ્ઞાતિ ઈતિહાસમાં એક નવા પ્રકરણની શરૂઆત કરાવશે.

દુબઈ કારોબારી દરમિયાન શ્રી સુધીરભાઈ રૂપારેલીયા, શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણી, લોર્ડ ડોલર પોપટ, શ્રી હરીશભાઈ પવાણી વગેરે તરફથી દાનની સરવાણી વહાવી રૂા. ૮૦ લાખ જેવી માતબર રકમ એકઠી થઈ તે માટે સૌ દાતા પરત્વે કૃતજ્ઞતાની લાગણી પ્રગટ કરૂં છું. આવી જ રીતે ભવિષ્યમાં પણ ઉદાર દિલ રઘુવંશી જ્ઞાતિજનો તરફથી જ્ઞાતિ વિકાસ અર્થે સાથ અને સહકાર મળતા રહેશે તેવી શ્રધ્ધા વ્યક્ત કરું છું.

ભાઈઓ-બહેનો સેવાની વ્યાખ્યા કરવી મુશ્કેલ છે, પરંતુ જે પ્રવૃત્તિ આપણને 'સ્વ' તરફથી 'સર્વ' તરફ દોરી જાય છે તે સેવાકાર્ય છે. માણસ માત્રમાં એક તરફ સ્વાર્થવૃત્તિ તો બીજી તરફ અન્યોને મદદરૂપ થવાની ઈચ્છા હોય છે. દેખીતી રીતે આ વિરોધાભાસી વલણ નથી, પરંતુ આપણામાં રહેલી સારી-નરસી પ્રકૃતિનું પ્રતિબિંબ  છે. સેવાનો ગુણ જન્મજાત હોય કે નહીં પરંતુ માણસ ચિંતન, સંકલ્પ અને પુરુષાર્થ દ્વારા સેવામાર્ગે યાત્રા કરી જીવનની સાર્થકતાનો અનુભવ કરી શકે છે. આ માટે આપણા મહાજનો, મહિલાઓ અને ખાસ કરીને યુવા પેઢીમાં યોગ્ય સમજણ કેળવાય તેમજ મહાજન અને મહાપરિષદ, મહિલા સશક્તિકરણ, યુવા વિકાસ જેવા મુદ્દાઓને લઈને ગ્લોબલ લોહાણા કન્વેન્શનમાં જ્ઞાતિશ્રેષ્ઠીઓ દ્વારા ચર્ચાઓ અને સુચનો થયા એ પણ કાબીલે તારીફ રહ્યા. સૌ વક્તાઓ અને પેનલ તજજ્ઞોને પણ હૃદયના અભિનંદન પાઠવું છું. કન્વેન્શનનો સોવેનિયર સુંદર રીતે તૈયાર કરવા બદલ મારા હૃદયસ્થ મહામંત્રી શ્રી હિમાંશુભાઈ તથા ભાષાપ્રેમી, ઉદ્‌ઘોષક અને રઘુકુળ વિશ્વના તંત્રી શ્રી ચંન્દ્રકાન્ત તન્નાને પણ અભિનંદન પાઠવું છું.

અંતમાં દુબઈ ખાતેની કારોબારી અને ગ્લોબલ કન્વેન્શનમાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જેમણે પણ પોતાનો તન, મન અને ધનથી સહયોગ આપ્યો છે તે સૌ પરત્વે કૃતજ્ઞતા પ્રગટ કરી વિરમું છું.    અસ્તુ, જય જલારામ...

**પ્રવિણ કોટક**
**પ્રમુખ, શ્રી લોહાણા મહાપરિષદ**




વર્ષ : 8
જુલાઈ - 2019
અંક : 83
માલિક
શ્રી લોહાણા મહાપરિષદ

પ્રકાશક : પ્રવિણ ડી. કોટક
તંત્રી : પ્રોફે. ચંદ્રકાન્ત જે. તન્ના
વ્યવસ્થાપક : હિમાંશુ બી. ઠક્કર

વિભાગીય સંકલનકર્તાઓ :
ગુજરાત : શંકર કતીરા (ડીસા)
સૌરાષ્ટ્ર : અશોક હિંડોચા (રાજકોટ)
કચ્છ : રાજેશ પલણ (નખત્રાણા)
વિદર્ભ સહ મધ્ય ભારત : જયપ્રકાશ વસાણી (નાગપુર)
મુંબઈ સહ મહારાષ્ટ્ર : મુકેશ કોટક (મુંબઈ)
ઉત્તર - પૂર્વ ભારત : મુકેશ ઠક્કર (કટક)
દક્ષિણ-ભારત : ભરત ઠક્કર (હુબલી)

માર્ગદર્શકશ્રીઓ :
યોગેશભાઈ લાખાણી
લીરૂભાઈ મીરાણી (મુંબઈ)
કનુભાઈ આચાર્ય (ડીસા)
ગીરીશભાઈ ફ્રેસવાલા (મુંબઈ)
રમેશચંદ્ર આર. ઠક્કર (ગાંધીનગર)

રજી. કાર્યાલય
બેઝમેન્ટ, ઇસ્કોન મેગા મોલ,
ઇસ્કોન મંદિરની પાસે, એસ. જી. હાઈવે,
સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૫૪.
ફોન : (૦૭૯) ૪૦૦૭૧૦૦૫
વેબસાઈટ : www.lohanamahaparishad.org

લવાજમ
આજીવન લવાજમ (ભારત) : રૂ. ૨૦૦૦/-
આજીવન લવાજમ (ભારતની બહાર) : રૂ. ૮૦૦૦/-
છૂટક પ્રત કિંમત : રૂ. ૧૦/-

સળંગ વર્ષ : 21 સળંગ અંક : 242



ઈમેઈલ :

raghukulvishwa@gmail.com
(રઘુકુળ વિશ્વમાં સમાચારો પ્રસિદ્ધ કરવા માટે)
imppressrelease@gmail.com
(અન્ય મુખપત્રોમાં પ્રસિદ્ધ થયેલા સમાચારો માતૃસંસ્થાને મોકલવા માટે)
shreeimpawards@gmail.com
(માતૃસંસ્થા સ્થાપિત આંતરરાષ્ટ્રીય એવોર્ડ્સ માટે નોમિનેશન મોકલવા માટે)
jaymahaparishad@gmail.com
(અન્ય કોઈપણ પ્રકારના પત્રવ્યવહાર માટે)



'શ્રી રઘુકુળ વિશ્વ'માં છપાતી વાંચન સામગ્રી જે તે લેખકનાં પોતાના અભિપ્રાય - વિચારો આધારિત છે. જે બાબતે 'શ્રી રઘુકુળ વિશ્વ' કે શ્રી લોહાણા મહાપરિષદ કોઈ રીતે જવાબદાર રહેશે નહીં તેની સુજ્ઞ વાચકોએ નોંધ લેવી.


## અનુક્રમણિકા


માતૃસંસ્થાની અટારીએથી ........ ૨
તંત્રી સ્થાનેથી ........ ૪
ગ્લોબલ લોહાણા કન્વેન્શન/કારોબારી સમિતિની બેઠક યુ. એ.ઈ ........ ૫
રઘુવંશી હોવાનું ગૌરવ ........ ૧૩
સ્થાયી સમિતિઓના અહેવાલ ........ ૧૪
સંસ્થા સમાચાર ........ ૨૧
શાબાશ રઘુવંશી ........ ૨૨
આગામી મધ્યસ્થ મહાસમિતિની રચના બાબત ........ ૨૩
સૌજન્ય જાહેરાત – બાલાજી ડ્રિમ સિટી હસ્તે : શ્રી જે. ડી. ઠક્કર, અમદાવાદ ....... ૨૪


## સ્કોલરશીપ યોજના - શિક્ષણ / આરોગ્ય સહાય

દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા સ્વ.રોનક પ્રતાપરાય દત્તાણી એજ્યુકેશન ફાઉન્ડેશન અંતર્ગત ધો.૫ થી કોલેજ સુધીના વિદ્યાર્થીઓને નિયત રકમની સ્કોલરશીપ સંલગ્ન મહાજનશ્રીઓના ૩૦% સહયોગથી આપવામાં આવનાર છે. સુનિશ્ચિત કરાયા મુજબ તા. ૧૫ જુલાઈ સુધીમાં પ્રાપ્ત થનાર તમામ ફોર્મ અંગે કન્વીનર શ્રી શશીકાંતભાઈ કાનાણી (મો. ૯૮૨૫૪૨૩૫૫૦), કાર્યાલય મંત્રી શ્રી જીતેન્દ્રભાઈ કારીયા (મો. ૯૭૨૨૯૦૦૯૦૦) તથા ટીમના સભ્યો દ્વારા જરૂરી ચકાસણી કર્યા બાદ આગામી એક માસની અંદર મહાજનશ્રીને ૩૦% ટકા લેખે જમા કરાવવાની થતી રકમ અંગે જાણ કરવામાં આવશે. મહાજનશ્રીનો સહયોગ પ્રાપ્ત થયે ૧૦ દિવસની અંદર તમામ વિદ્યાર્થીઓના ચેક જે તે મહાજનને મોકલી આપવામાં આવશે.

આ સિવાય ઉચ્ચ શિક્ષણ માટે તેજસ્વી વિદ્યાર્થીઓને તથા જરૂરીયાતમંદ પરિવારોને આકસ્મિક સારવાર માટે રૂા. ૧ લાખની મર્યાદામાં સીધી સહાય માતૃસંસ્થાના મધ્યસ્થ કાર્યાલય પરથી જરૂરી પૂછપરછ અને ઈન્ટરવ્યુ બાદ દાતાશ્રીઓ તથા સખાવતી ટ્રસ્ટોના સહયોગથી તુરંત આપવામાં આવે છે. (આ માટે મહાજનશ્રી તરફથી ફક્ત ભલામણ પત્ર જ અપેક્ષિત છે.) વર્ષ દરમિયાન સતત ચાલુ રહેતી આ યોજનાના ફોર્મ માતૃસંસ્થાની વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

**હિમાંશુ ઠક્કર**
મંત્રી
શ્રી લોહાણા મહાપરિષદ

**ધર્મેશ હરિયાણી**
અધ્યક્ષ – શિક્ષણ સમિતિ
શ્રી લોહાણા મહાપરિષદ







# કુદરત, પ્રકૃતિ અને આપણે : સંવાદિત લય

**"મન ગમતા નામને ઉંમર ના હોય, એ તો ગમે ત્યારે હાથ પર લખાય,**
**મોસમને જોઈને ફૂલ ના ખીલે, એના ખીલવાથી મોસમ બદલાય."**

આપણા સૌના લાડલા અને સફળ પ્રમુખ માનનીય શ્રી પ્રવિણભાઈ કોટકના કાર્યકાળની નવમી કારોબારી અને ઐતિહાસિક ગ્લોબલ લોહાણા કન્વેન્શન - ૨૦૧૯ ગત તા. ૨૦/૨૧ જૂન દરમિયાન દુબઈ ખાતે ભવ્યાતિભવ્ય અને સફળતાપૂર્વક સંપન્ન થયું ત્યારે સમગ્ર વિશ્વના રઘુવંશી ફૂલો એવી રીતે ખીલ્યા હતા જાણે કે દુબઈની અને મહાપરિષદની મોસમ બદલાઈ ગઈ હોય ! દુબઈના આ દબદબાભેર સમારોહ માટે પ્રિય પ્રવિણભાઈ, યુવા બાહોશ મહામંત્રી શ્રી હિમાંશુભાઈ, શ્રી પિયુષભાઈ અને શ્રી લોહાણા મહાપરિષદની ટીમને સલામ !! સમારોહનું વ્યવસ્થિત આયોજન, આતિથ્ય, ભોજન અને ભાવસભર સરભરા માટે યુ.એ.ઈ. લોહાણા મહાજનને વંદન અને અભિનંદન...

દુબઈ ખાતે મહાપરિષદની મોસમ સમગ્ર વિશ્વમાંથી પધારેલા જ્ઞાતિરત્નો રૂપે ખીલેલા ફૂલો થકી જે રીતે મઘમઘતી બની તેનું વિગતે વર્ણન આ સાથેના અલગ અહેવાલમાં પ્રસ્તુત છે ત્યારે મને કુદરત, પ્રકૃતિ અને માનવ જીવન વચ્ચેના સંવાદિત લય આ ભર ચોમાસે યાદ આવ્યા.

પૃથ્વી પર ઉજાસની આભા રેલાવનારા, પ્રચંડ શક્તિના સ્વામી અને સમગ્ર સૃષ્ટિને ધબકતી રાખનારા સૂર્યને સૌ પૂજે છે. પ્રકાશવું અને સમગ્ર સૃષ્ટિમાં ચેતના પ્રગટાવવી એ સૂર્યનો સ્વભાવગત ગુણ છે. સાંજ પડતાં જ કેસરવરણી આભા સાથે અસ્ત થઈને ફરીથી આહ્‌લાદક લાલિમા સાથે આકાશની અટારીએ આશાના ઓજસ સાથે પોતાની આગમનની છડી પોકારતા રવિરાજથી જીવનના કેલેન્ડરના નવા પાનાં પર શરૂ થાય છે, એક નવો દિવસ. સમગ્ર પ્રકૃતિમાં આવી ઘટમાળ ચાલ્યા કરે છે. સર્વ તત્વો પોતાના સ્વભાવગત ગુણો પ્રમાણે પ્રવૃત્ત છે. વાદળ સૂર્યને ઢાંકી દે છે, પરંતુ એ સૂર્યના સ્વભાવને ઢાંકી શકતું નથી. વાદળ એટલે પવનના વહેણ સાથે વહેતું સ્વરૂપ. પવનની દિશા યા ગતિ બદલાય સાથે, વાદળનું હોવાપણું બદલાય છતાં વાદળત્વને નકારી શકાય નહિ. આ રીતે સૂર્ય, વાદળ, પવન અને પ્રકૃતિના તમામ તત્વો વચ્ચેની સંવાદિતાથી સમગ્ર સૃષ્ટિ પ્રાણવાન અને આહ્‌લાદક બને છે.

આ સંવાદની પરિસ્થિતિ અને માનવ જગત વિષે વિચાર કરીએ તો ખ્યાલ આવે છે કે કેટલાક લોકો સવારના સૂર્ય જેવા હોય છે - પ્રસન્ન, ઉષ્માસભર અને તાજગીથી હંમેશા ચેતનવંતા. સવારથી રાત સુધી ભરપૂર હકારાત્મક અને સૂર્યની જેમ પ્રકાશી અન્યનું ભલું કરતા આવા લોકો પોતે તો શાતા અનુભવે છે, સાથે તેઓનું સાનિધ્ય અન્યને હૂંફ આપે છે. ગમે તે પરિસ્થિતિમાં તેઓ એમ જ વિચારે છે : "ડાળ ભલે હો સુક્કી તોયે ફૂલ બનીને ઝુલીએ. દુબઈની કારોબારી અને કન્વેન્શનમાં આવા લોકોના સાનિધ્યથી ઘણા જ્ઞાતિવિકાસના ઠરાવો થયા અને નવી પેઢીનાં શિક્ષણ અને દર્દીનારાયણના આરોગ્ય માટે માતબર દાન એકઠું થયું અને જ્ઞાતિમાં સંવાદિત લય ઉત્પન્ન થશે.

પરંતુ આવા લોકોનું પ્રમાણ કેટલું ? આ દુનિયામાં એવા પણ લોકો છે જેઓ ભરઉનાળાની બપોરના તપેલા સૂર્યની જેમ તેઓ હંમેશા સ્વભાવગત ગરમીથી અંગારા જેવા જ હોય છે. તેઓના અહમ્‌નો ઓથાર સ્વને, સ્વના આંતરીક તેજને બાળી દે છે. પરિણામે બીજાની નાની શી ભૂલને મોટી બતાવીને પોતાના અહમ્‌ને સંતોષે છે અને એ રીતે પોતાની મહત્તા પ્રસ્થાપિત કરવાનો પ્રયત્ન કરે છે.

કેટલાક લોકો વાદળ જેવા હોય છે. ઉનાળાના સખત તાપથી ધરતીનાં અમી સૂકાઈ ગયા હોય, જીવજંતુઓ - અસહ્ય તાપથી ત્રસ્ત હોય અને જગતનો તાત કંટાળી વાડને ખૂણે બેસીને, આકાશ તરફ મીટ માંડીને વરસાદી વાદળની રાહ જોતો હોય એ સમયે અષાઢી વાદળની અમીછાંટથી ખેતરની માટી મહેંકી ઊઠે અને ત્રસ્ત સૃષ્ટિ પરમ શાતાનો અનુભવ કરે છે. આવા વરસાદી વાદળ જેવા સ્વભાવના લોકો પોતે તો મસ્તીમાં રહે જ છે, પરંતુ તેમનું હોવાપણું અન્યનેય લાગણીની ભીનાશનો સ્પર્શ આપે છે. તેઓના મીઠપની મોટાઈથી વાતાવરણ અને સાથેના વ્યક્તિઓનું જીવન સ્વાદિષ્ટ અને સુખદ બની જાય છે. આવા વહાલ વરસાવવાની, અમી દૃષ્ટિની શીતળ છાંયડી આપતા લોકોથી સમાજ અને પરિવાર હંમેશા પ્રસન્ન રહે છે.



પ્રકૃતિનું ત્રીજું તત્વ છે પવન જે પ્રચંડ શક્તિ અને ગતિનું પ્રતિક છે. આપણા સમાજમાં પવન જેવી શક્તિ અને ગતિ ધરાવતા લોકો પણ જોવા મળે છે, ખાસ કરીને ધસમસતા પ્રવાહ જેવા ઉત્સાહી યુવાધનમાં દુબઈ ખાતેના ગ્લોબલ લોહાણા કન્વેન્શનમાં યુવા વિકાસને લઈને પણ એક સેશન થઈ, જેવા ખુબ સારા વિચારો એક્સપર્ટ પેનલ દ્વારા રજુ થયા અને યુથ કનેક્ટ યુ કોમ્યુનિટી અંગે ઠરાવ પણ થયા.

આમ સૂર્ય, વાદળ, પવન અને પ્રકૃતિનાં અન્ય તત્ત્વોની સાથે આપણે આપણી જાતને ગોઠવીએ તો ખ્યાલ આવે કે આવો સંવાદ આપણા પોતાના જીવનમાં, સ્વભાવમાં અને સમાજમાં આવી જાય તો આપણો અને સમાજનો વિકાસ અને સંતોષની સીમા સુધી પહોંચી શકાય અને સંવાદિત લય પ્રગટાવી શકાય.

- પ્રોફે. ચન્દ્રકાન્ત જે. તન્ના

# માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની કારોબારી સમિતિની બેઠક અને ગ્લોબલ લોહાણા કન્વેન્શન યુ.એ.ઈ. લોહાણા મહાજનના યજમાનપદે, દુબઈ મુકામે અત્યંત સફળતાપૂર્વક સંપન્ન






સમગ્ર વિશ્વના રઘુવંશીઓની માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ અનેકવિધ સેવાકીય અને રચનાત્મક પ્રવૃત્તિઓથી પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકના નેતૃત્વ હેઠળ ગતિશીલ છે ત્યારે જ્ઞાતિ ઉત્કર્ષના કાર્યોને વેગ આપવા માટે વિશ્વભરના રઘુવંશીઓ ઉત્સાહભેર સાથ-સહયોગ આપી રહ્યા છે. દર છ માસે નિયમિત રીતે યોજાતી કારોબારી સમિતિની બેઠક અનુસાર વર્તમાન ટર્મની નવમી કારોબારી સમિતિની બેઠક યુ.એ.ઈ. લોહાણા મહાજનના યજમાન પદે દુબઈ ખાતે હોટલ એક્ષલ્સર, બરદુબઈ મુકામે તા. ૨૧ જૂન, ૨૦૧૯ ના રોજ સવારે ૯.૦૦ થી ૧.૦૦ કલાકે યોજાઈ. પૂ.જલારામ બાપાની આરતી ને રઘુવંશી ધ્વજવંદન ગીત ગાનથી મીટીંગની શરૂઆત થઈ. યુ.એ.ઈ. સ્થિત શ્રી હરીશભાઈ પવાણીએ સ્વાગત પ્રવચન દ્વારા સૌને આવકાર્યા.

મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર દ્વારા તા. ૨૩ ડિસેમ્બર, ૨૦૧૮ ના રોજ ડીસા મુકામે યોજાયેલ ગત કારોબારી સમિતિની બેઠકની મિનિટ્સનું વાંચન કરી બહાલી મેળવેલ તેમજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે યોગ / ધ્યાનનું અનુસંધાન લઈ એજન્ડા અનુસાર કાર્યવાહી અને ચર્ચા વિચારણા તેમજ હોદ્દેદારશ્રીઓના અહેવાલ અને પ્રાસંગિક ઉદ્દબોધનોનો દોર ચાલુ રહ્યો જેમાં શ્રી સતીષભાઈ વિઠલાણીએ યોગ અને ધ્યાનની પ્રેક્ટિસ કરાવી અમદાવાદ મુકામે નવીનીકરણ પામેલા શ્રી ખીમજી ભગવાન આરસીટી ભાગવત અતિથિ નિકેતન અંગે પોતાની વાત મુકતા જણાવ્યું હતું કે, આ કાર્ય શરૂ થયા પહેલાં શ્રી લોહાણા મહાપરિષદ અને શ્રી ભાગવત વિદ્યાપીઠ વચ્ચે થયેલા સમજૂતી કરારને રિવ્યુ કરવા





માટે શ્રી ભાગવત વિદ્યાપીઠ તરફથી રજૂઆત આવતા આ બાબતને દુઃખદ ગણાવી તેને સત્વરે ધ્યાન પર લઈ યોગ્ય કરવા પ્રમુખ શ્રી તથા ટીમને જણાવ્યું હતું. સુંદર રીતે નવીનીકરણ પામેલા આ અતિથિ ભવનની સૌને મુલાકાત લઈ અમદાવાદના આગમન દરમિયાન ત્યાં જ રોકાણ કરવા માટે સૌને અનુરોધ કર્યો હતો.

ત્યારબાદ વિભાગીય ઉપપ્રમુખશ્રીઓ, મુંબઈ સહ મહારાષ્ટ્ર વિભાગના શ્રી જીતેન્દ્રભાઈ ઠક્કર, કચ્છ વિભાગના શ્રી કે. સી. ઠક્કર, વિદર્ભ સહ મધ્યભારત વિભાગના શ્રી નરેન્દ્રભાઈ દાવડા, સૌરાષ્ટ્ર વિભાગના શ્રી સુરેશભાઈ ચંદારાણા, દક્ષિણ ભારતના શ્રી મુકેશભાઈ સાગલાણી, ગુજરાત વિભાગના શ્રી ઠાકોરભાઈ ઠક્કરે પોતપોતાના વિસ્તારોમાં થયેલા કાર્યો તથા પ્રાસંગિક ઉદ્‌બોધનો કર્યા હતા. ત્યારબાદ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ માં ખુલ્લી મુકાયેલ સ્વ. રોનક પ્રતાપરાય દત્તાણી એજ્યુકેશન ફાઉન્ડેશન સ્કોલરશીપ યોજના તેમજ છેલ્લા છ માસમાં ઉચ્ચ શિક્ષણ માટે તેમજ મેડિકલ સહાય માટે મંજૂર થયેલ અરજીઓ અંગે શ્રી ધર્મેશભાઈ હરિયાણી, શ્રી વસંતભાઈ અનારકટ તથા શ્રી હિંમતભાઈ કોટકે હિસાબોની રજૂઆતો કરી હતી તથા શ્રી ધર્મેશભાઈ હરિયાણીએ ઉચ્ચ શિક્ષણમાં નિયમિત રીતે થતા ઈન્ટરવ્યુ અને અપાતી સહાય અંગે સૌને માહિતગાર કરી આ સેવાયજ્ઞમાં યથોચિત્ રીતે સૌને જોડાવા અપીલ કરી હતી. ત્યારબાદ થેલેસેમિયા નાબૂદી અભિયાન અંતર્ગત થતા કાર્યો અંગે મંત્રી શ્રી પિયુષભાઈ ગંઠાએ સૌને માહિતગાર કર્યા હતા. મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે જણાવ્યું હતું કે છેલ્લા એક વર્ષમાં એક પણ થેલેસેમિયા મેજર બાળક લોહાણા જ્ઞાતિમાં જન્મ્યું હોય તેવા કોઈ સમાચાર નથી જેને સૌએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધેલ. થેલેસેમિયા નાબૂદી માટે વિશેષરૂપે શ્રી યોગેશભાઈ લાખાણી તેમજ શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણી દ્વારા થઈ રહેલા કર્મયોગ અને સખાવતને પણ વધાવવામાં આવેલ. માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના મહિલા વિભાગના અધ્યક્ષા સુ શ્રી ડૉ. નીમાબેન આચાર્યએ પોતાનું ઉદ્‌બોધન કરી દરેક પ્રદેશમાં મહિલા વિભાગ દ્વારા થઇ રહેલી પ્રવૃત્તિઓને ખુબ બિરદાવી હતી અને માતૃસંસ્થાના મંચ પર પણ મહિલાઓને મહત્ત્વની ભૂમિકા માટે યોગ્ય ગણી પ્રોત્સાહન આપવા માટે પણ પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક અને સમગ્ર ટીમ પ્રત્યે આભારની લાગણી ડૉ. નીમાબેને વ્યક્ત કરી હતી. યુવા વિભાગના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અજયભાઈ વડેરા તથા ગુજરાત વિભાગના અધ્યક્ષ શ્રી ધવલભાઈ આચાર્યએ પણ યુવા સંગઠન મજબૂત બને તે માટે ગામોગામથી સશક્ત અને નિષ્ઠાવાન યુવાનોની યાદી માતૃસંસ્થાના કાર્યાલય પર મોકલવા અનુરોધ કર્યો હતો. આગામી ડિસેમ્બર માસની આસપાસ સમગ્ર દેશમાંથી એક યુવા સંમેલનના આયોજન માટેની પણ ઈચ્છા અને કટિબધ્ધતા શ્રી અજયભાઈ વડેરાએ વ્યક્ત કરી હતી.

વરિષ્ઠ હોદ્દેદારોએ ઉદ્‌બોધન કરતા લંડનથી ખાસ પધારેલા લોર્ડ ડોલર પોપટે યુ.કે.માં લોહાણા જ્ઞાતિ દ્વારા થઈ રહેલ કાર્ય પ્રવૃત્તિઓ અને તેમના યોગદાન બદલ સંતોષ વ્યક્ત કર્યો હતો અને સભાને માહિતગાર કર્યા હતા. ત્યારબાદ વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કર, વાઈસ ગવર્નર અને ટ્રસ્ટી શ્રી પરેશભાઈ ભૂપતાણી તેમજ શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણીએ પોતાના ઉદ્‌બોધનોમાં માતૃસંસ્થાના મંચ પરના આ












પ્રકારના આયોજનોને બિરદાવી યજમાન મહાજનને પણ ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા. કારોબારી સમિતિની બેઠકના સમાપન સમયે પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે દુબઈ મુકામે વિધિવત્ રીતે યુ.એ.ઈ. લોહાણા મહાજનની સ્થાપનાની જાહેરાત કરી દુબઇ સ્થિત સમાજ અગ્રણી શ્રી હરીશભાઈ પવાણીને પ્રમુખ તરીકે જાહેર કર્યા જેને સૌ સભ્યોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધેલ.

અત્રે પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે શ્રી લોહાણા મહાપરિષદ સાથે સંકલિત તમામ મહાજનો તથા સંસ્થાઓને પણ સર્વ પ્રકારે જોડાવા અને આગામી વર્ષ ૨૦૨૦ થી ૨૦૨૫ માટે રચાનારા મધ્યસ્થ મહાસમિતિની બેઠકમાં સમાજની સેવા માટે તત્પર અને નિષ્ઠાવાન લોકોની પસંદગી કરી અને પ્રતિનિધિત્વ માતૃસંસ્થાને મોકલવા માટે અપીલ કરી હતી. આ કન્વેન્શનને સફળ બનાવવા પોતાનો સમય અને શક્તિ ખર્ચી ડેલિગેશન ફી દ્વારા રજીસ્ટ્રેશન કરી દૂર દૂરથી સૌને આ કન્વેન્શનમાં જોડાવા બદલ પ્રમુખ શ્રી પ્રવિણભાઇ કોટકે અભિનંદન અને આભારની લાગણી વ્યક્ત કરી હતી.

કારોબારી સમિતિની બેઠક ઉદ્‌ઘોષક શ્રી ચંદ્રકાન્તભાઈ તન્ના દ્વારા પ્રમુખ શ્રીની મંજૂરીથી પૂર્ણ થયેલ જાહેર કરાયેલ અને સૌને ભોજન પ્રસાદ માટે વિનંતી કરાઈ હતી અને ત્યારબાદ તુરંત જ ગ્લોબલ લોહાણા કન્વેન્શન સ્વરૂપે ચાર વિશેષ સત્રો યોજાયા જેમાં વિષય અનુસાર અલગ અલગ વિષય નિષ્ણાત અને સમાજ શ્રેષ્ઠીઓએ પોતપોતાના મંતવ્યો રજૂ કરી દિશાસૂચન કર્યા હતા. પ્રથમ સત્રમાં વિશ્વભરના મહાજનો અને સંસ્થાઓના એકસૂત્રીકરણ, સંગઠન અને એકતા ઉપર, બીજા સત્રમાં યુવા સંગઠન અને વિકાસ, ત્રીજા સત્રમાં મહિલા સશક્તિકરણ અને ચોથા સત્રમાં શ્રી લોહાણા મહાપરિષદ કેન્દ્રીય ભૂમિકામાં જેવા વિષય પર તલસ્પર્શી વક્તવ્યો અને રજૂઆતો થઈ હતી. દરેક સત્રના કો-ઓર્ડિનેટરશ્રીઓ દ્વારા પેનલ એક્સપર્ટ્સમાં સમાવિષ્ટ સભ્યોને મંચસ્થ કરી ચર્ચા-વિચારણાને અંતે સારાંશરૂપ ઉદ્‌બોધન અને જરૂરી ઠરાવનું વાંચન કર્યા બાદ સત્રવિરામ કરવામાં આવેલ.



સવારે ૯.૦૦ કલાકેથી શરૂ થયેલ કારોબારી સમિતિની બેઠક અને ત્યારબાદ ગ્લોબલ લોહાણા કન્વેન્શન અંતર્ગત લગભગ રાત્રે ૯.૩૦ વાગ્યા સુધી ચાલેલા આ સત્રોમાં માતૃસંસ્થાના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કર, લંડનથી પધારેલ લોર્ડ ડોલર પોપટ, એલ.સી.યુ.કે.ના પ્રમુખ શ્રી સુનિલભાઈ મજીઠીયા, મંત્રી શ્રી ભરતભાઈ સોઢા, એલ.સી.એન.એલ.ના પ્રમુખ શ્રી યતીનભાઈ દાવડા, માતૃસંસ્થાના યુ.કે.ના કો-ઓર્ડિનેટર સુશ્રી ક્રિશ્નાબેન પૂજારા, આફ્રિકાથી પધારેલ શ્રી સુધીરભાઈ રૂપારેલિયા, શ્રી નવીનભાઈ કાનાબાર, શ્રી સંજયભાઈ



















અઢિયા, શ્રી કેતનભાઈ કોટેચા, ઓમાનથી શ્રી દિનેશભાઈ પવાણી, શ્રી ચંદ્રકાન્તભાઈ ચોથાણી, માતૃસંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ શ્રી પરેશભાઈ ભૂપતાણી, શ્રી મોહનભાઈ ઠક્કર, શ્રી નીતીનભાઈ રાયચુરા,મંત્રીશ્રીઓ શ્રી હિમાંશુભાઈ ઠક્કર, શ્રી પિયુષભાઈ ગંઠા, ખજાનચીશ્રીઓ શ્રી હિંમતભાઈ કોટક, શ્રી નીતીનભાઈ પાંધી, મહિલા પાંખના સુ શ્રી ડૉ. નીમાબેન આચાર્ય, સુ શ્રી રશ્મિબેન વિઠલાણી, સુ શ્રી અલકાબેન કોટક, સુ શ્રી રીટાબેન ઠક્કર, યુવા પાંખના શ્રી અજયભાઈ વડેરા, શ્રી ધવલભાઈ આચાર્ય, સમાજશ્રેષ્ઠીઓ શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણી, શ્રી સતીષભાઈ વિઠલાણી, શ્રી જનકભાઈ ઠક્કર, શ્રી ભાવેશભાઈ લાખાણી, શ્રી ભરતભાઈ કોટક, શ્રી વિપુલભાઈ પુજારા, શ્રી ગીરીશભાઈ કોટેચા, શ્રી જીતુભાઈ લાલ, શ્રી દિનેશભાઈ મારફતીયા, વિભાગીય ઉપપ્રમુખશ્રીઓ શ્રી ઠાકોરભાઈ ઠક્કર, શ્રી સુરેશભાઈ ચંદારાણા, શ્રી કે. સી. ઠક્કર, શ્રી નરેન્દ્રભાઈ દાવડા, શ્રી મુકેશભાઈ સાગલાણી, શ્રી જીતેન્દ્રભાઈ ઠક્કર, સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રીઓ શ્રી શિલ્પાંગભાઈ કારીયા, શ્રી ધર્મેશભાઈ હરીયાણી, શ્રી કિરીટભાઈ ભીમાણી, શ્રી રઘુકુળ વિશ્વના તંત્રી શ્રી ચંદ્રકાન્તભાઈ તન્ના, માતૃસંસ્થાના સંયુક્તમંત્રીશ્રીઓ શ્રી અજયભાઈ ઠક્કર, શ્રી હરીશભાઈ ઠક્કર, શ્રી ભવાનભાઈ કોટક, શ્રી મનુભાઈ ગોકલાણી, શ્રી અંજનભાઈ કોટક, શ્રી સંજયભાઈ ઠક્કર, શ્રી યોગેશભાઈ પુજારા, શ્રી ધર્મેશભાઈ ઠક્કર, શ્રી યોગેશભાઈ ઠક્કર, યુ.એ.ઈ.ના શ્રી હરીશભાઈ પવાણી, શ્રી ભરતભાઈ રૂપારેલ, શ્રી મુકુંદભાઈ ઠક્કર, શ્રી શૈલેષભાઈ જસાણી, સુ શ્રી શિલ્પાબેન ઠક્કર, સુ શ્રી મિતાલી ઠક્કર, શ્રી હાર્દિકભાઈ પૂજારા તેમજ અન્ય નિષ્ણાતો શ્રી કુનાલભાઈ વજાણી, શ્રી જયેશભાઈ હરિયાણી, સુ શ્રી બિંદુબેન હરિયાણી, શ્રી ગીરીશભાઈ ડ્રેસવાલા, શ્રી અશ્વિનભાઈ ઠક્કર, શ્રી દિવ્યેશભાઈ ઠક્કર, ડૉ. ભાવેશભાઈ આચાર્ય, શ્રી વસંતભાઈ કોડરાણી,શ્રી પ્રફુલભાઈ સેજપાલ, શ્રી હરીશભાઈ લાખાણી, શ્રી વસંતભાઈ અનારકટ, શ્રી કમલેશભાઈ વસાણી, શ્રી નંદકિશોરભાઈ દ્રોણ, શ્રી ચંદ્રકાન્તભાઈ પોપટ, શ્રી મહેન્દ્રભાઈ સોમાણી, શ્રી વસંતભાઈ સોમૈયા, શ્રી જયેશભાઈ કારીયા, શ્રી ધીરૂભાઈ ઠક્કર, ઉપરાંત દેશ-વિદેશથી પધારેલ અન્ય ડેલિગેટ સભ્યો સહયોગી બન્યા હતા.



સત્ર -૧ની ફળશ્રુતિ સ્વરૂપે જ્ઞાતિમાં ભાઈઓને એકબીજા પ્રત્યે આત્મિયતા વધે તે માટે માતૃસંસ્થાના હોદ્દેદારો, મહાજનશ્રીઓ સાથે સતત સંપર્કમાં રહે અને મહાજનશ્રીઓ પોતપોતાના સભ્ય પરિવારો સાથે સંપર્કો સતત જાળવી રાખે તેવું ઠરાવાયું હતું. વ્યક્તિગત કે સંસ્થાકીય લેવલે મતભેદ કે વિખવાદ હોય તો તેને સંવાદ દ્વારા યોગ્ય માધ્યમથી ઉકેલવા
















માટે પણ સૌ તત્પર રહી સેવાકાર્યો સુંદર રીતે ચાલે તે માટે સૌએ પ્રયત્નશીલ રહેવા ઠરાવાયું હતું. મહાજનોમાં, સંસ્થામાં કે શ્રી લોહાણા મહાપરિષદમાં હોદ્દો કે જવાબદારી સ્વીકાર્યા પછી સમય ન આપી શકતાં હોય તેવા સભ્યોને વિનંતી કરી તેમની જગ્યાએ સમય અને શક્તિ આપતા ઇચ્છતા સભ્યોને તક આપવા માટે ઘટતું કરવા ઠરાવાયું હતું.

સત્ર - ૨ માં યુવા શસક્તિકરણ અને સંગઠન ઉપર ભાર મુકતા યુવાનો સામાજિક સંસ્થાઓ સાથે જોડાયેલા રહે અને તેમની મનપસંદ પ્રવૃત્તિઓ થાય તે માટે ભાર મૂકાયો હતો. સમાજની મહાજનવાડીઓમાં લાઈબ્રેરી, સંગીતના ક્લાસ કે શક્ય હોય તો રીડિંગ રૂમ જેવી વ્યવસ્થાઓ ઊભી કરી નવી પેઢીને સામાજિક પરંપરાથી જોડી રાખવા માટે નમ્ર પણ મક્કમ પ્રયાસો કરવા ઠરાવાયું હતું. અત્રે ક્રિકેટ મેચ અને અન્ય આયોજનોના માધ્યમથી યુવાનોને જોડવાનો જે પ્રયત્ન થઈ રહ્યો છે તેને પણ સૌએ બિરદાવ્યો હતો. ભવિષ્યમાં નવા ઊભરતા સાહસિક યુવાનોને ઉદ્યોગોમાં નવી તકો તેમજ કારકિર્દીમાં નવી તકો માટે ભારત અને વિદેશોના યુવાનો વચ્ચે એક્સચેન્જ પ્રોગ્રામના આયોજનો કરવા પણ ઠરાવાયું હતું.

સત્ર - ૩ માં મહિલા સશક્તિકરણ અને કુટુંબ કલ્યાણ વિષે ડૉ. નીમાબેન આચાર્યએ જુદા જુદા વિભાગોમાં મહિલા મંડળો દ્વારા થતી પ્રવૃત્તિઓ અને અન્ય કરવા યોગ્ય રચનાત્મક પ્રવૃત્તિઓ વિષે વિગતવાર માહિતી આપી હતી. સુ શ્રી રશ્મિબેન વિઠલાણીએ પણ મહારાષ્ટ્રમાં મહિલા સંગઠનો દ્વારા થયેલ પ્રવૃત્તિઓ વિષે વિગતવાર રજુઆતો કરી સૌને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. અત્રે મહાજનશ્રીઓ તથા સંસ્થાઓ દ્વારા રચાતી કારોબારી સમિતિમાં પણ મહિલાઓને યોગ્ય પ્રાધાન્ય મળે અને મુખ્ય ધારામાં કામ કરી શકે તે માટે મહાજનશ્રીઓને પણ આ તબક્કે યોગ્ય ભલામણ માટે રજૂઆત કરી હતી. આ પ્રસંગે શ્રી મિતાલી ઠક્કર એ દિકરીની ભૂમિકા અને કુટુંબ માટેનું કેન્દ્રબિંદુ બનતી એક દિકરી મોટી થઈ અને સમાજ માટે પણ કેવી સુંદર ભૂમિકા ભજવી શકે તે અંગે હૃદયસ્પર્શી રજૂઆત કરી સૌને પ્રભાવિત કર્યા હતા. અત્રે સુ શ્રી અલકાબેન કોટક, સુ શ્રી બિંદુબેન હરિયાણી, સુ શ્રી રીટાબેન ઠક્કર તથા યુ.કે. થી ખાસ પધારેલા માતૃસંસ્થાના યુ. કે. વિભાગના કો-ઓર્ડીનેટર સુ શ્રી ક્રિશ્નાબેન પૂજારાએ પણ

















યુ.કે.માં થતી વિવિધ પ્રવૃત્તિઓથી સૌને માહિતગાર કર્યા હતા. સુ શ્રી શિલ્પાબેન ઠક્કરે પણ યુ.એ.ઈ.માં થતા મહિલા વિભાગની પ્રવૃત્તિઓથી સૌને માહિતગાર કર્યા હતા અને શ્રી લોહાણા મહાપરિષદની મહિલા પાંખના હોદ્દેદારોને મળવાનો મોકો મળ્યો તો બદલ ધન્યતા અનુભવી હતી.

સત્ર -૪ માં શ્રી લોહાણા મહાપરિષદની સમગ્ર વિશ્વમાં એક સંકલક તરીકેની ભૂમિકા અંગે શ્રી સતીષભાઈ વિઠલાણીએ પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. મહાજન સશક્તિકરણ યુવાનોને પ્રોત્સાહન શિક્ષણ અને આરોગ્ય માટે સતત પ્રોત્સાહન તથા સમગ્ર વિશ્વના રઘુવંશીઓનો ડેટાબેઝ તૈયાર થાય તે માટે સૂચન અને માર્ગદર્શન આપ્યા હતા અને મંત્રી શ્રી હિમાંશુભાઈની રજૂઆતના પ્રસ્તાવનો સહર્ષ સ્વીકાર કરી શ્રી સતીષભાઈ વિઠલાણીએ આ ડેટાબેઝ તૈયાર કરવા માટેની જવાબદારી સ્વીકારી હતી. આ સત્રમાં વિશેષ રૂપે માતૃસંસ્થાની પ્રેરણાથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ભાગીદારી હોય તેવા અનેક ટ્રસ્ટો, મિલકતો તથા સંસ્થાઓ તેમજ ભૂતકાળમાં અતિથિ ગૃહના ટ્રસ્ટ અંતર્ગત ઊભા થયેલા અતિથિ ભવનોમાં પણ સમયની માંગ પ્રમાણે જરૂરી ફેરફારો અને સુચારૂ સંકલન માટે પોતાની લાગણીઓ વ્યક્ત કરતાં શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણીએ જણાવ્યું હતું કે, આ પ્રકારના ટ્રસ્ટોમાં ટ્રસ્ટીઓની જવાબદારી એક સાચા સેવક તરીકેની હોય પરંતુ જ્યારે તેમાં સ્વામિત્વની ભાવના આવી જાય ત્યારે તે જ્ઞાતિ માટે નુકસાનકર્તા સાબિત થાય છે. સમયના અભાવે આ વિષય પર ટૂંક સમયમાં ફરીથી સંલગ્ન સમાજશ્રેષ્ઠીઓ સાથે એક મંથન માટે એક મીટીંગના આયોજન માટે પણ પ્રસ્તાવિત થયું હતું.

સવારથી લગભગ ૧૨.૦૦ કલાક સુધી સળંગ ચાલેલા આ કાર્યક્રમમાં યજમાન યુ.એ.ઈ.








મહાજનના  સ્વાગત સમિતિમાં શ્રી હરીશભાઈ પવાણી, શ્રી મુકુંદભાઈ ઠક્કર, શ્રી ભરતભાઈ રૂપારેલ, શ્રી પિયુષભાઈ ઠક્કર, વાહન વ્યવહાર સમિતિમાં શ્રી હરીશભાઈ પવાણી, શ્રી ભરતભાઈ રૂપારેલ, શ્રી ગીરીશભાઈ બાટવીયા, શ્રી મનીષભાઈ ચોટાઈ, શ્રી શૈલેષભાઈ જસાણી, સંચાલન સમિતિમાં શ્રી શૈલેષભાઈ જસાણી,  શ્રીમતી શિલ્પાબેન ઠક્કર, શ્રી સંજીવભાઈ ઠક્કર, શ્રી મનોજભાઈ બારાઈ, ભોજન વ્યવસ્થા સમિતિમાં શ્રીમતી દ્વિકલ તન્ના, શ્રીમતી ભાવનાબેન સેજપાલ, શ્રીમતી હિનાબેન મજીઠીયા, સ્ટેજ વ્યવસ્થા સમિતિમાં કુ. કેશવ્હી ઠક્કર, કુ. જૈની ઠક્કર, શ્રી ક્રિશ્નાબેન બાટવીયા, રજીસ્ટ્રેશન સમિતિમાં શ્રી યશ હરિયાણી, શ્રીમતી કવિતાબેન દાવડા, શ્રી ગૌરવ દાવડા, શ્રી હાર્દિક પુજારા, શ્રી આદિત્ય ઠક્કર તથા બેઠક વ્યવસ્થા સમિતિમાં શ્રીમતી પૂનમબેન ચોલેરા, શ્રીમતી સંધ્યાબેન કોટક, શ્રીમતી નીતાબેન ખખ્ખર જેવા અનેક સભ્યો સક્રિય થયા હતા.

આ આયોજનમાં સૌ કોઈ સભ્યોએ પોતપોતાના વિચારો અને વક્તવ્ય રજૂ કર્યા હતા. લોર્ડ પોપટે દર બે વર્ષે એક વખત આ પ્રકારના આયોજન કરી આ વૈચારિક અને કર્મની યાત્રાને સતત રાખવા અનુરોધ કર્યો હતો. માતૃસંસ્થાની શિક્ષણ અને આરોગ્યની સરવાણીમાં શ્રી સુધીરભાઈ રૂપારેલિયા (આફ્રિકા), શ્રી વિજયભાઈ કારીયા (મુંબઈ), શ્રી લોર્ડ ડોલર પોપટ (યુ.કે.), શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણી (મુંબઈ), શ્રી કેતનભાઈ કોટેચા (કોંગો), શ્રી નરેન્દ્રભાઈ ગણાત્રા (ઓમાન), શ્રી મોહનભાઈ ઠક્કર (મુંબઈ), શ્રી રસિકભાઈ ઠકરાર (મુંબઈ), શ્રી રૂપાંગભાઈ સચદે (મુંબઈ), શ્રી મહેશભાઈ પુજારા (મુંબઈ), શ્રી ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ મુંબઈ વતી શ્રી જનકભાઈ ઠક્કર તથા શ્રી સતીષભાઈ વિઠલાણીએ સ્વૈચ્છિક અનુદાન જાહેર કરી સમગ્ર ટીમનો ઉત્સાહ વધાર્યો હતો.

લગભગ રાત્રે ૯.૩૦ કલાકે બે થી ત્રણ દિવસ દરમિયાન અલગ અલગ સમયે અને અલગ અલગ સ્થળેથી પધારેલા રઘુવંશી શ્રેષ્ઠીઓનું યજમાન મહાજન દ્વારા વાહન વ્યવહાર, ડેઝર્ટ સફારી ખાતે મીટ એન્ટ ગ્રીટનું આયોજન, સુંદર ભોજન અને વ્યંજનો તેમજ ઉતારા વ્યવસ્થા માટે સુંદર સંકલન અને નિષ્ઠા અને ભાવસભર આતિથ્ય બદલ પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક અને વરિષ્ઠ હોદ્દેદારોએ આ આયોજનના મુખ્ય સહયોગીઓ શ્રી હરીશભાઈ પવાણી, શ્રી ભરતભાઈ રૂપારેલ, શ્રી મુકુંદભાઈ ઠક્કર, શ્રી પિયુષભાઈ ઠક્કર, શ્રી કાંતિભાઈ ઠક્કર  તેમજ સમગ્ર ટીમનું મેમેન્ટો અને ખેસથી અભિવાદન કર્યું હતું.











આ પ્રસંગે વિવિધ સમાજ શ્રેષ્ઠીઓના વિચારો અને લેખોથી ભરપૂર અને શ્રી યોગેશભાઈ લાખાણી અને શ્રી પ્રવિણભાઈ કોટકના સીધા માર્ગદર્શન હેઠળ શ્રી હિમાંશુભાઈ ઠક્કર તથા શ્રી ચંદ્રકાન્તભાઈ તન્ના દ્વારા તૈયાર કરાયેલ સોવેનિયર પણ વિમોચિત કરાયું હતું. સમગ્ર આયોજનમાં માતૃસંસ્થાના ઉદ્દઘોષક શ્રી ચંદ્રકાન્તભાઈ તન્નાએ સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન કર્યું હતું. તમામ ડેલીગેટ સભ્યોને અપાયેલી કીટની સાથે સાથે યજમાન મહાજન દ્વારા ડેલિગેટ સભ્યોને બુર્જ ખલીફાની પ્રતિકૃતિ, માતૃસંસ્થાના સંયુક્ત મંત્રી શ્રી અંજનભાઈ કોટકના જન્મદિન નિમિત્તે દેરક ડેલિગેટને તેમના તરફથી ગણેશજીની મૂર્તિ, પર્યાવરણ સમિતિના અધ્યક્ષ કીરીટભાઈ ભીમાણી તરફથી કાપડની બેગ (પ્લાસ્ટીકનો ઉપયોગ ટાળવાના સંદેશ રૂપે) તથા લગ્નવિષયક સમિતિના અધ્યક્ષ શ્રી હસમુખભાઈ દાવડા (હૈદરાબાદ) તરફથી હનુમાન ચાલીસા મુદ્રિત પુજાનું આશન કીટમાં આપવામાં આવેલ.







માતૃસંસ્થાના પૂર્વ પ્રમુખશ્રીઓ શ્રી યોગેશભાઈ લાખાણી અને શ્રી રવિન્દ્રભાઈ વાઘાણી નાદુરસ્ત તબિયત અને અનિવાર્ય સંજોગોના કારણે ઉપસ્થિત ન રહી શકતા પોતાની શુભેચ્છા વ્યક્ત કરી હતી. બી.એ.પી.એસ. સંસ્થાના પૂ.શ્રી બ્રહ્મવિહારી સ્વામીએ પણ આ કન્વેન્શનને શુભેચ્છા અને શુભાર્શિવાદ પાઠવ્યા હતા. લગભગ ૩૦૦ જેટલા ડેલિગેટ્સની ઉપસ્થિતિમાં યોજાયેલ આખા દિવસનો આ કાર્યક્રમ સૌ માટે યાદગાર બની રહ્યો અને વિશ્વભરમાંથી પધારેલ શ્રેષ્ઠીઓએ પણ માતૃસંસ્થા દ્વારા શિક્ષણ અને આરોગ્ય સહાયના રજુ થયેલા અહેવાલને બિરદાવતા વર્તમાન ટીમ પર સંપૂર્ણ વિશ્વાસ વ્યક્ત કરી સહજ ભાવે માતબર રકમનું દાન પણ અર્પણ કર્યું.

**અહેવાલ સંકલન - હિમાંશુ ઠક્કર (મંત્રી)**



# રઘુવંશી હોવાનું ગૌરવ



સંગઠન એ જ શક્તિ અને સંગઠન વત્તા શકિત તે છે સિધ્ધિ.
જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં વસે ગુજરાત
તેને આગળ વધારતા રઘુકુળ વિશ્વ મુખપત્રમાં મેં લખ્યું કે,

જ્યાં જ્યાં વસે એક રઘુવંશી, ત્યાં ત્યાં સદાકાળ રામરાજ !!
કહેવાયું છે કે
'ખીણ શી ઊંડાઈ મળજો, શૃંગની ઊંચાઈ મળજો. આતમ્ આખું આવરી લે, પાંખને એટલી પહોળાઈ મળજો...
નાનકું કોઈ ન લાગે ભાયા ! મનની એટલી મોટાઈ મળજો, ને લોહાણાના ખોરડે જનમ લીધો છે તે જલાની ઝૂંપડી.
જીવ ને ભૂક્યા અન્નથી તૃપ્ત અને જીવતર યુવાઓનું ભણતર - ચણતર માટે માવતર બની સંસ્કાર યુક્ત કરજો,

મોરારીબાપુએ કહ્યું હતું કે, 'તમો રઘુવંશી છો, સમય તમારી સામે જુએ અને કાંપે, અને હા ! રામભજન અને રોટલો ભૂલતા નહીં. સુંદરમ્ લખ્યું.

એક કણ જે આપો, આખો મણ નહીં માંગુ,
એક કણ રે આપો રાજ ! આખો રે ભંડાર આપણો એ જમો.
એક મીઠીનજર આપો, આખી પ્રીત નહીં માંગુ.
એક મીઠડી આપો, મારારાજ, આખા રે અમૃત આપણા એ રહ્યા.

મેઘબિંદુએ લખ્યું કે,
મારગ ભૂલ્યો છું અને મારગ તો કોઈ બનાવો, મારું પોતાનું હો, એવું જગત તો કોઈ બતાવો.
મારી આ હૈયાની ડોલતી ને ડૂબતી હોડી પાર તો લગાવો.
મારગે ચઢવું છે કોઈ મારગ તો બતાવો. તે આકાશે ઊગતા સૂરજની આંખથી, મારી સવાર તો સજાવો.
મારગે ચઢવું છે, કોઈ મારગ તો સુઝાડો. જુઓ પાછળ તો ગયા વર્ષે અને વર્તમાન કે આગળ જુઓ તો રહ્યા છે ઉત્તમ વર્ષો.

રઘુવંશી હોવું સ્વયં અનન્ય ઘટના છે. જન્મ લેવો તેમાં સંકલ્પ કાર્ય નથી કરતો પરંતુ રઘુકુળે જન્મ લીધા પછી કેવું જીવવું અને જીવાડવું તે સંકલ્પ આપણો અધિકાર છે. જગતભરને સૌંદર્યમય બનાવવું અને અંતરે આનંદ મેળવવો. ભગવાનની કૃપા તો પુરુષાર્થ - પરમાર્થના પાત્રમાં જ ઉતરે છે. પૂજ્ય ભાઈ શ્રી રમેશભાઈ ઓઝાને કોઈએ પૂછ્યું કે : 'એક સંસારી મનુષ્યનું આધ્યાત્મિક કર્તવ્ય શું હોઈ શકે. ભાઈશ્રીએ ઉત્તર આપ્યો : આપણે માનવસેવાના સારા કામો કરીએ અને તે બીજાની ભલાઈ માટે હોય તો નકારાત્મક કર્મ આપણાથી થશે નહીં. ધર્મનો એક અર્થ છે કર્તવ્ય. તો દરેક સંસારી મનુષ્યનો ધર્મ છે બીજાની મદદ કરવી. દુનિયાના ખૂણે ખૂણેથી આપ સૌ આવ્યા છો. હાથ ફેલાવીએ તો વ્યાપકતાનો ભાવ આવે અને હાથ સંકોચીએ અને હૃદયે ચાંપીએ તો સામિપ્યનો ભાવ આવે. રામરાજ્ય ભરતજીના પાદુકાભાવથી આવ્યો અને રામરાજ્ય રામસીતાના રાજસિંહાસને બેસવાથી પણ આવ્યો. શ્રી લોહાણા મહાપરિષદ હવે નવા વિચારોની આપ લે કરી સારા રઘુવંશીઓના કલ્યાણકારી કાર્યો કરવા એકઠાં થયા છે તેથી સામિપ્યભાવથી જ મળ્યા છીએ. નારી શક્તિ દરેક વિભાગમાં પુરુષ જગતને મહાત કરવા આજે સક્ષમ છે છતાં પણ સાધારણ કુટુંબોમાં હજુ પણ નારી શોષણ નકારી શકાય નહીં. કિશોરવયે જ કુમારીકાઓ શરમાળ હોય પરંતુ અંદરનો થનગનાટ કંઈક નવું કરવા માટે તત્પર હોય છે. તેમાં કુટુંબને તારવાના સમાજ માટે સત્કાર્યોના કે રાષ્ટ્ર વિશ્વસ્તરે આગળ વધવાનું હોઈ શકે છે પરંતુ ક્યાંકને ક્યાંક આર્થિક ભીંસ અથવા બાલિકા હોવાથી નકારાત્મક વલણ આડું આવતું હોય છે. આપણે વિશ્વના કોઈ પણ ખૂણે હોઈએ પરંતુ ગુજરાત, સૌરાષ્ટ્ર કે કચ્છની આપણી ભૂમિ માટે કંઈક ને કંઈક કરી છૂટવાની આપણી જિજ્ઞાસા હોય છે.

આજે જલાબાપા - યોગીજી મહારાજ, રણછોડબાપાના ચરણોમાં પ્રાર્થીએ કે દુબઈની સળવળેલી જ્યોત વિશ્વભરના લોહાણા સમાજમાં ચેતનની ચિનગારી દ્વારા શુભ સંકલ્પથી સંગઠિત શક્તિ સાથે સર્વ સમાજના ઉત્કર્ષમાં વિઘ્નહર્તાની કૃપાથી રિધ્ધિ - સિધ્ધિ અર્પે.

અસ્તુ - કુર્યાત સદા મંગલમ્.

- ગીરીશભાઈ ડ્રેસવાલા, મુંબઈ





# સ્થાયી સમિતિઓના અહેવાલ

## પર્યાવરણ સમિતિ

**પાણી બચાવો, જીવન બચાવો**





તા. ૪-૪-૧૯ ના રોજ પર્યાવરણ સમિતિ, વિદર્ભ સહ મધ્ય ભારત વિભાગ દ્વારા બર્ડ અમરાવતી ખાતે બર્ડ ફીડરનું વિતરણ કરવામાં આવેલ.

તા. ૭-૪-૧૯ (ચૈત્રી બીજ) શ્રી દરિયાલાલ જયંતિ નિમિત્તે યોજાયેલ પૂજામાં શ્રી કોઈમ્બતુર લોહાણા મહાજન દ્વારા પર્યાવરણ સમિતિના કોલને સ્વીકારી ઈકો ફ્રેન્ડલી પુજા સામગ્રીનો ઉપયોગ કરવામાં આવેલ તેમજ મુંબઈના ઉરન લોહાણા મહાજન દ્વારા પ્રસાદ માટે ઈકો ફ્રેન્ડલી પતરવેલીયાનો ઉપયોગ કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં પર્યાવરણ સમિતિના રાષ્ટ્રીય કારોબારી સભ્ય શ્રીમતી સ્વાતીબેન ઠક્કર તથા શ્રી નિલેશભાઈ ઠક્કર હાજર રહેલ.

તા. ૭-૪-૧૯ ના રોજ કુદરત ગ્રુપ, અમદાવાદ દ્વારા ખાનપુર ચોક વિસ્તારમાં પાણીના કુંડાનું વિતરણ કરવામાં આવેલ. પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણી, ગુજરાત વિભાગના મંત્રી શ્રી નરોત્તમભાઈ ઠક્કર તેમજ શ્રી દિલીપભાઈ શાહ, શ્રી શૈલેષભાઈ શાહ અને પર્યાવરણ પ્રેમીઓ દ્વારા આશરે ૧૦૦૦ જેટલા કુંડાનું વિતરણ કરવામાં આવેલ.

તા. ૧૯-૪-૧૯ ના રોજ અમદાવાદના નેનપુર જલારામ સેવા ટ્રસ્ટ દ્વારા હનુમાન જયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવેલ. પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી સૌ ભક્તજનોને પર્યાવરણ વિશે જાગૃત કરેલા અને ગ્રીન ખેસ પહેરાવી મંદિરના ટ્રસ્ટી શ્રી રામચંદ્રભાઈ ઠક્કર અને જયશીલ ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી મહાસુખભાઈ ઠક્કરને સન્માનિત કરેલ.

તા. ૨૫-૪-૧૯ ના રોજ પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણીના જન્મદિન નિમિત્તે પર્યાવરણ સમિતિ, ગુજરાત વિભાગના ઉપાધ્યક્ષ શ્રી નિલેશભાઈ ઠક્કર, મંત્રી શ્રી નરોત્તમભાઈ ઠક્કર તથા પર્યાવરણ પ્રેમીઓ દ્વારા સોલાભાગવત ખાતે ફ્લાવરીંગ પ્લાન્ટ્સ રોપવામાં આવેલ.

તા. ૨૯-૪-૧૯ ના રોજ એક સામાજીક પ્રસંગમાં ગુજરાતના મંત્રી શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલાને માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક તથા પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણી દ્વારા પર્યાવરણ સમિતિના વિવિધ કાર્યોનો અહેવાલ આપવામાં આવેલ અને તેમના દ્વારા પર્યાવરણ ક્ષેત્રે થઈ રહેલ કામગીરીને બિરદાવવામાં આવેલ.

તા. ૫-૫-૧૯ (રવિવાર) ના રોજ પર્યાવરણ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા ગોંડલ (સૌરાષ્ટ્ર)ના આશાપુરા ગાર્ડન ખાતે પર્યાવરણના એક સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. શ્રી લોહાણા મહાપરિષદ, પર્યાવરણ સમિતિના મંત્રી શ્રી ભાવિનભાઈ જોબનપુત્રા, પર્યાવરણ સમિતિના રાષ્ટ્રીય કારોબારી સભ્યશ્રી રવિરાજભાઈ ઠકરાર, શ્રી લોહાણા મહાપરિષદ, રમતગમત સમિતિના મંત્રી શ્રી પ્રકાશભાઈ ઠકરાર તથા પર્યાવરણ પ્રેમીઓ આ કાર્યક્રમમાં જોડાયેલ. સૌ પ્રથમ વૃક્ષોની નજીક ૧૨૦ ખાડા કરવામાં આવેલ અને તેમાં ૧૨૦ જેટલા કીડીઓ માટે અગાઉથી જ તૈયાર કરેલ કિડિયારુ ભરેલ સુકા નાળિયેર મુકવામાં આવેલ અને તેને માટીથી ઢાંકી માત્ર એંટ ફીડરનું કાણું બહાર રહે અને તેની ઉપર કિડિયારુ પૂરવામાં આવેલ. આ પ્રસંગે ઉપસ્થિત પર્યાવરણ પ્રેમીઓને પર્યાવરણ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદના વિવિધ અભિયાનો અને પ્રવૃત્તિઓ વિશે માહિતગાર કરવામાં આવેલ અને સ્પેરો નેસ્ટ બોક્સનું વિતરણ કરવામાં આવેલ. પર્યાવરણ સમિતિના “વૃક્ષો વાવો ધરતી બચાવો” અભિયાન અંતર્ગત ઉપસ્થિત સૌ સભ્યો દ્વારા આશાપુરા ગાર્ડન ખાતે ફૂલ છોડ રોપવામાં આવેલ. કાર્યક્રમના અંતે સુંદર અલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવેલ. પર્યાવરણ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભિમાણીએ સૌને આ સુંદર કામગીરી બદલ અભિનંદન પાઠવેલ.

